# નોટીસ

## બી.એડ્. પ્રવેશ અંગેની નોટીસ વર્ષ – ૨૦૧૭ – ૧૮

## ચોથો પ્રયત્ન

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૭ – ૧૮ માં ત્રીજા રાઉન્ડની B.Ed. પ્રવેશ કાર્યવાહી ને અંતે તમામ કોલેજોમાં જૂજ સીટો ખાલી હોવાથી પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ જેમણે ફોર્મ યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ હોય અને કોલેજ મેરીટ યાદીમાં નામ આવેલ ન હોય અથવા તો રીસફલીગ માટેની અરજી કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ તા.૦૮/૮/૨૦૧૭ ના રોજ કચ્છ યુનિવર્સિટી ખાતે સવારે ૧૦:૦૦ કલાકે હાજર રહેવું. મેરીટ યાદી તા.૦૬/૦૮/૨૦૧૭ના રોજ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.digitaluniversity.ac પરથી જોઈ શકાશે.આ પ્રવેશ કાર્યવાહી બાદ પણ જો કોઈ કોલેજોમાં સીટો ખાલી રહેશે તો હાજર વિદ્યાર્થીઓમાંથી મેરીટ ક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. પ્રવેશ અંગેની અન્ય તમામ સુચનાઓ ઉપરોકત દર્શાવેલ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી જોઈ લેવી.

**સુચનાઓ:–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક/લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૧૬ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) અધર યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓએ B.Ed. ના પ્રવેશ ફોર્મમા આ યુનિવર્સિટીનું એલીજીબીલીટી સર્ટીફિકેટ જોડેલ ન હોય તેમના પ્રવેશ ફોર્મ નિયમાનુસાર સ્વીકારવામાં આવેલ નથી.

(૮) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

(૯) ઉપરોક્ત તારીખોએ વિદ્યાર્થી પોતાનુ મેરીટ લીસ્ટ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી જોઈ શકશે.

ઈ.ચા.કુલસચિવ